અપીલ અરજી નં.૩૬૯ તા.૨૦–૧–૧૦

અરજદારઃ– શ્રી જગતનારાયણ શર્મા

સામાવાળાઃ– કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :**– આરટીઆઈ એકટ હેઠળ શ્રી જગતનારાયણ શર્મા ક્રાંતિ ક્રાઈમ ન્યુઝ ની તા.૧૧–૧૨–૦૯ ની અરજીથી (૧) ઉધના ઉદ્યોગનગર રોડ નં.૧૩ પર ધમધમતી અમૃત આઈસ્કીમ વાળી સંસ્થાને આપના વિભાગે આરોગ્ય કે ફુડ અંગેનું કોઈ લાયસન્સ આપેલ છે કેમ? જો આપ્યું હોય તો તે કયા કયા પુરાવાના આધારે તથા કઈ તારીખે આપ્યું તેની નકલો સહિતની વિગત આપશો. (૨) આ સંસ્થાને આરોગ્ય કે ફુડ અંગેનું કોઈ લાયસન્સ આપવામાં આવેલ ન હોય તો વિના લાયસન્સે ધમધમતી આ સંસ્થાની ડો.હરરાય ભટ્ટે કે તેમના સ્ટાફે કેટલી વખત મુલાકાત લીધેલ છે? તથા આ મુલાકાત દરમ્યાન કરેલ કાર્યવાહીની નકલો સહિતની વિગતવાર માહિતી આપશો. (૩) આરોગ્ય તેમજ ફુડ અંગેના લાયસન્સ લેવા માટે અરજદારે કયા કયા ડોકયુમેન્ટસ રજૂ કરવા પડતાં હોય છે. તે અંગે માહિતી આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૨૦–૧–૧૦ ની અપીલ અરજી નં.૩૬૯/૨૦૦૯–૧૦

શ્રી જગતનારાયણ શર્મા ક્રાંતિ ક્રાઈમ ન્યુઝ ની તા.૧૧–૧૨–૦૯ ની અરજીથી (૧) ઉધના ઉદ્યોગનગર રોડ નં. ૧૩ પર ધમધમતી અમૃત આઈસ્કીમ વાળી સંસ્થાને આપના વિભાગે આરોગ્ય કે ફુડ અંગેનું કોઈ લાયસન્સ આપેલ છે કેમ? જો આપ્યું હોય તો તે કયા કયા પુરાવાના આધારે તથા કઈ તારીખે આપ્યું તેની નકલો સહિતની વિગત આપશો. (૨) આ સંસ્થાને આરોગ્ય કે ફુડ અંગેનું કોઈ લાયસન્સ આપવામાં આવેલ ન હોય તો વિના લાયસન્સે ધમધમતી આ સંસ્થાની ડો.હરરાય ભટ્ટે કે તેમના સ્ટાફે કેટલી વખત મુલાકાત લીધેલ છે? તથા આ મુલાકાત દરમ્યાન કરેલ કાર્યવાહીની નકલો સહિતની વિગતવાર માહિતી આપશો. (૩) આરોગ્ય તેમજ ફુડ અંગેના લાયસન્સ લેવા માટે અરજદારે કયા કયા ડોકયુમેન્ટસ રજૂ કરવા પડતાં હોય છે. તે અંગે માહિતી આપવા બાબતે એપેલેટ ઓફિસરને તા.૨૦–૧–૧૦ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા લાગત જવાબદાર સ્ટાફની મુલાકાત નોંધ દર્શાવતી ડાયરીના પાનાની નકલો તેમજ મુદ્દા નં.૩ ની વિગતો સ્વયં જાહેર કરવા યોગ્ય કક્ષાની હોઈ પ્રસિધ્ધની વિગતો જણાવવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૨૩૫ તા.૩૦–૧–૧૦ થી કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન) તથા અરજદારને અપીલઅરજીમાં જાહેર માહિતી અધિકારી તરફથી માહિતી મળેલ નથી? કે મળ્યા સામે નારાજગી છે? અને કઈ વિગતે? તે સ્પષ્ટતા કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને અત્રેના વિભાગને આરોગ્ય અધિકારી અને જાહેર માહિતી અધિકારી તરફથી તા.૨૪–૨–૧૦ ના રોજ પૂરક વિગતો મળેલ છે. જેમાં અરજદારને આપેલ માહિતી પત્ર નં.જાવક/પીએડી/ફુડ/૭૫૬ તા.૨૮–૧–૧૦ ના પત્રની નકલ તથા તેની એકનોલેજમેન્ટ સ્લીપ, નોંધ વિભાગ,ઉધનાઝોન તરફથી પત્ર નં.૧૫૧૭ તા.૧૫–૧૨–૦૯ થી આરોગ્ય અધિકારી અને ઈ.ચા. ડે.કમિશનર(હે અને હો) વિભાગને તબદીલ કર્યાના પત્રની નકલ, અરજદારની મુળ અરજીની નકલ અત્રેના વિભાગને મળેલ છે. જયારે કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી સાઉથઝોન આરોગ્ય તરફથી આ.નં.૬ તા.૧૬–૨–૧૦ થી અત્રેના વિભાગને પૂરક માહિતી મળેલ છે. જેમાં આરોગ્ય વિભાગને તબદીલ કરેલા પત્રની નકલ, અરજદારની મુળ અરજીની નકલ, અરજી ફી ભર્યાની રસીદ અત્રે રજૂ કરેલ છે.

અરજદારની તા.૧૧–૧૨–૦૯ ની અરજીથી ઉપરોકત વિષય બાબતે મુદ્દા નં.૧ થી ૩ સા.ઝોન ઉધના અને જાહેર માહિતી અધિકારીને કરવામાં આવેલી અરજી સા.ઝોન/૧૫૧૭ તા.૧૫–૧૨–૦૯ થી આરોગ્ય અધિકારીને આંશિક તબદીલ કરવામાં આવેલ છે. જે અંગે આરોગ્ય અધિકારી અને જાહેર માહિતી અધિકારી તરફથી જાવક નં.પીએચડી/ફુડ/૭૫૬ તા.૨૮–૧–૧૦ થી અરજદારને મુદ્દા નં.૧ અને ૩ બાબતે માહિતી આપવામાં આવેલ છે. (૧) ઉધના ઉદ્યોગનગર રોડ નં.૧૩ પર ધમધમતી અમૃત આઈસ્કીમ વાળી સંસ્થાને આપના વિભાગે આરોગ્ય કે ફુડ અંગેનું કોઈ લાયસન્સ આપેલ છે કેમ? જો આપ્યું હોય તો તે કયા કયા પુરાવાના આધારે તથા કઈ તારીખે આપ્યું તેની નકલો સહિતની વિગત આપશો.તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી ઉધના ઉદ્યોગનગર રોડ નં.૧૩ સુરત ખાતે આવેલ "અમૃત આઈસ્કીમ એન્ડ કોલ્ડ સ્ટોરેજ " નામની સંસ્થા પી.એફ.એ. એકટ હેઠળનું લાયસન્સ નં.પીએફએ/એસઝેડ/૦૩/૯૭ તા.૮–૧–૧૦ ના રોજ આપવામાં આવેલ છે. અરજદારે નીચે જણાવેલ પુરાવા રજૂ કરેલ છે. જેને આધારે ઉપરોકત લાયસન્સ આપવામાં આવેલ છે. ૧. ટાઉન પ્લાનરશ્રીનો તા.૧–૧–૧૦ નો અભિપ્રાય. ૨. વેરાબીલની ઝેરોક્ષ નકલ. ૩. બે ફોટા. ૪. બ્લોક નકશો.૫. ડીડ ઓફ રીટાયર્ડમેન્ટની ઝેરોક્ષ નકલ;. ૬. ગુજરાત રાજયના ડાયરેકટરેટ ઈન્ડ. સેફટી એન્ડ હેલ્થના લાયસન્સની ઝેરોક્ષ. રજૂ કરેલ છે તેવી માહિતી આપવામાં આવેલ છે. જયારે મુદ્દા નં.(૩) આરોગ્ય તેમજ ફુડ અંગેના લાયસન્સ લેવા માટે અરજદારે કયા કયા ડોકયુમેન્ટસ રજૂ કરવા પડતાં હોય છે. તે અંગે માહિતી આપવા બાબત. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી આરોગ્ય ખાતાના પી.એફ.એ. એકટ હેઠળનું લાયસન્સ આપવા માટે હાલમાં ૧. બીયુસી ૨. જો સંસ્થા પોતાની માલિકીની હોય તો માલિકીના પુરાવા અથવા જો ભાડાની હોય તો માલિકના માલિકીના પુરાવા તથા સંમતિપત્ર.૩. અરજદારના બે ફોટા જરૂરી હોય છે. ૪. વધુમાં જો

ઉત્પાદનને લગતું લાયસન્સ હોય તો વધારામાં એમોનીયા પ્રિન્ટમાં બ્લોક નકશાની જરૂર હોય છે. આ દસ્તાવેજોની નકલો મેળવી લાયસન્સ આપવામાં આવે છે તેવી માહિતી પૂરી પાડેલ છે. મુદ્દા નં. (૨) આ સંસ્થાને આરોગ્ય કે ફુડ અંગેનું કોઈ લાયસન્સ આપવામાં આવેલ ન હોય તો વિના લાયસન્સે ધમધમતી આ સંસ્થાની ડો.હરરાય ભટ્ટે કે તેમના સ્ટાફે કેટલી વખત મુલાકાત લીધેલ છે? તથા આ મુલાકાત દરમ્યાન કરેલ કાર્યવાહીની નકલો સહિતની વિગતવાર માહિતી આપશો. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી તરફથી કોઈ વિગતો પૂરી પડાયેલ જણાતી નથી. કે તેના ઈન્કાર માટે કાયદાની કલમ–૮,૯ કે ૧૧ હેઠળનું કોઈ કારણ જણાવેલ નથી. આરટીઆઈ કાયદાના આમુખથી ચરિતાર્થ થયેલ પારદર્શિતા અને જવાબદારીને ઉત્તેજન આપવાના ઉદ્દેશો સાથે લોકશાહી પધ્ધતિમાં સુમાહિતગાર નાગરિકોની અનિવાર્યતાને અનુલક્ષી અધિકારી/કર્મચારીઓએ બજાવેલ ફરજને લગતી માહિતી ચોકકસ અપવાદ હેઠળ આવતી હોય તે સિવાય જાહેર કરવા પાત્ર થાય.

## હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૧૧–૧૨–૦૯ ની અરજીથી માંગવામાં આવેલ માહિતી પૈકી જાહેર માહિતી અધિકારી તરફથી મુદ્દા નં.૨ ની નહીં પૂરી પડાયેલી માહિતી આરટીઆઈ કાયદાની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે અત્રેની જાણ હેઠળ દિન–૭ માં અરજદારને પુરી પાડવા કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ઉધનાઝોનને જણાવવામાં આવે છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૨ –૧૦

ડે.કમિશ્નર(જનરલ),
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

પ્રતિ,
(૧) કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન)....જાણ તથા અમલ માટે
(૨) શ્રી જગતનારાયણ શર્મા,